મોરબી મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો માટે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ મોરબી મહાનગરપાલિકા કચેરીએ સ્પીડ પોસ્ટના માધ્યમ થી જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

| અ.નં. | જગ્યાની વિગત | લાયકાત | અનુભવ | સંખ્યા | પગાર માસીક (ફિક્સ) |
|---|---|---|---|---|---|
| ૧ | સર્વેયર | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ | ૨ વર્ષનો અનુભવ | ૯ | ૨૫,૦૦૦ |
| ૨ | વર્ક આસીસ્ટન્ટ | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ | - | ૭ | ૨૦૦૦૦ |
| ૩ | લીગલ ઓફિસર | a) not be more than 50 years of age;<br>(b) possess-<br>(1) a degree in law (Special) or law with five years' course after Higher Secondary Certificate (H.S.C.) of any of the Universities Incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized by the Government or deemed to be a University under section 3 of the University Grant Commission Act, 1956; and<br>(II) adequate knowledge of Gujarati and/or Hindi.<br>(c)<br>(i) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the Subordinate Court of High Court; or<br>(ii) have about five years experience as a practicing Advocate or Attorney or Government Pleader in the High Court; or<br>(iii) have about five years experience of legal matters in local bodies or Government undertaking Board/Corporation or Limited Company established by law. | ૫ વર્ષનો અનુભવ | ૧ | ૬૦,૦૦૦ |
| ૪ | લીગલ ક્લાર્ક | માન્ય યુનીવર્સીટીમાં LLBનો કોર્ષ અને CCC પાસ | - | ૧ | ૨૫,૦૦૦ |
| ૫ | ઇલેક્ટ્રિક ઈજનેર | બી.ઈ./બી. ટેક. ઈલેક્ટ્રીકલ | ૨ વર્ષનો અનુભવ | ૧ | ૩૫૦૦૦ |
| ૬ | મિકેનિક | આઈ.ટી.આઈ. મિકેનિક નો કોર્સ | ૨ વર્ષનો અનુભવ | ૨ | ૨૦૦૦૦ |
| ૭ | આસીસ્ટન્ટ લાઈબ્રેરીયન | ગ્રેજ્યુએટ અને ડીપ્લોમાં ઇન લાઈબ્રેરી સાયન્સ | લાઈબ્રેરીના કામનો અનુભવ ધરાવનાર અને કોમ્પ્યુટરના જાણકારને પ્રથમ પસંદગી | ૧ | ૨૦૦૦૦ |
| ૮ | લાઇવ સ્ટોક ઇન્સ્પેક્ટર | માન્ય યુનીવર્સીટીનો પશુધન નિરીક્ષક તાલીમનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ(સર્ટીફીકેટ કોર્ષ) | - | ૧ | ૨૦૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | એસ્ટેટ ઓફિસર | બી.ઈ સિવિલ/બી.ટેક સિવિલ /બી. ઈ આર્કિટેકચર | ટાઉન પ્લાનીંગને લગતી કામગીરીને લગતો ૨ વર્ષનો અનુભવ | ૧ | ૩૫૦૦૦ |
| ૧૦ | ઓટો મોબાઈલ ઈજનેર | ડીપ્લોમાં ઈન મિકેનિકલ/ઓટો મોબાઈલ એન્જિનિયરીંગ | ૩ વર્ષનો અનુભવ | ૧ | ૨૭૦૦૦ |
| ૧૧ | IT એક્સપર્ટ | B.E/B.Tech-IT M.E/M.Tech-IT BCA/B.SC-IT MCA/M.SC-IT | ૨ વર્ષનો અનુભવ | ૧ | ૩૦૦૦૦ |
| ૧૨ | સેનેટરી સબ ઈન્સ્પેકટર | સરકાર માન્ય ડિપ્લોમા સેનેટરી ઈ-સ્પેક્ટરનો કોર્ષ(ITI કોર્ષ માન્ય ગણાશે નહી.) | - | ૩ | ૨૫૦૦૦ |
| સરવાળો | | | | ૨૯ | ૩૪૨૦૦૦ |

**શરતો :-**

(૧) લાયકાત ધરાવતા અને ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.-૨૦-૦૭-૨૦૨૫ના સમય સાંજના ૬:૦૦ વાગ્યા સુધીમાં ડેપ્યુટી કમિશનરશ્રી(વહીવટ), મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે ફકત સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર પોસ્ટથી મોકલવાની રહેશે.દરેક ઉમેદવારે કવર/પરબીડીયા ઉપર પોતાનું નામ, મોબાઈલ નંબર અને e-mail id અને જે તે પોસ્ટ/જગ્યાનું નામ લખવાનું રહેશે.

૨) ઉમેદવારે પોતાની અરજી સાથે બાયોડેટા, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડયા અંગેનુ પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, અનુભવ અંગેના પ્રમાણપત્રો(જો લાગુ પડે તો), તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો જેવા ડોક્યુમેન્ટ ની સ્વપ્રમાણીત નકલ અરજી સાથે રજૂ કરવાની રહેશે.

(૩) ઈન્ટરવ્યુ માટેની તારીખ અને સમયની જાણ E-Maiઅને WhatsApp lના માધ્યમથી કરવામાં આવશે. ઈન્ટરવ્યુ મોરબી મહાનગરપાલિકા-મોરબી, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે રાખવામાં આવેલ છે.

(૪) તમામ ઉમેદવારોએ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર અને ઈમેલ આઈ.ડી. અચુક લખવાનું રહેશે. ઈન્ટરવ્યુ અંગેની જાણ watsapp અથવા EmalI દ્વારા જ કરવામાં આવશે. અન્ય કોઈપણ પ્રકારે જાણ કરવામાં આવશે નહીં. જો ઉમેદવાર હાજર નહી રહે તો કોઈપણ સંજોગોમાં બીજો સમય આપવામાં આવશે નહી અને તેમની ઉમેદવારી અંગે કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) ફિક્સ પગાર સિવાય અન્ય પગાર કે ભથ્થા કે સરકારી લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૬) મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે ઈન્ટરવ્યુ સમયે ઉમેદવારોએ સ્વખર્ચે અને પોતાના જોખમે હાજર રહેવાનું રહેશે. તથા ઈન્ટરવ્યુ સમયે તમામ અસલ પ્રમાણપત્રો લાવવાના રહેશે.

(૭) સદરહું ભરતી તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.

(૮) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે. કોઈપણ પ્રકારની ભલામણ સ્વીકારવામાં આવશે નહી. આવું કરનાર ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા કમિશનરશ્રી, મોરબી મહાનગરપાલિકાને અબાધીત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

(૯) આ બાબતે ન્યાય ક્ષેત્ર મોરબી રહેશે.

(૧૦) નિયત સમયમર્યાદા બાદ આવેલ કોઈ પણ અરજી દફતરે (અમાન્ય) કરવામાંઆવશે

(૧૧) ઉમેદવારની નિમણુક બાબતે મહાનગરપાલિકાએ લીધેલ નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.

(૧૨) કોઈપણ ઉમેદવારની અરજી મંજુર કે ના મંજુર કરવાના સર્વે હક્ક કમિશનરશ્રી, મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

(૧૩) જો કોઈપણ સંવર્ગમાં ૩૦૦ થી વધુ અરજીઓ આવશે, તો સંબંધિત લાયકાતની ડીગ્રીની ટકાવારી ધ્યાને લઈ મેરીટ બનાવવામાં આવશે અને તેના આધારે ૩૦૦ અરજીઓ સુધીના ઉમેદવારોને જ ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. જે નિર્ણય તમામ ઉમેદવારોને બંધન કર્તા રહેશે.

(કુલદીપસિંહ વાળા,GAS)
નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

Signature Not Verified
Signed by:Kuldipsinh Vala
Deputy Commissioner
Date:2025.07.04
11:53:18 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign